સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આતંકીઓથી ઊભરાતી ગટર છે આ કાશ્મીર!
બને રોજ બલિ, શહીદીનું સ્વર્ગ છે આ કાશ્મીર!
ખદબદે વાયદાને કાયદા કાશ્મીરી કૂકરમાં -
અટક્યું કેન્દ્ર ને ગળે છછૂંદરૂં, છે આ કાશ્મીર...

હાઈકુ

સમાન 'રાજ્ય'
બનાવાના બણગા -
થીજ્યા 'ડાલ'માં
(ચૂંટણી વચનો શિકારામાં)

'માટીપગાઓ,'
વાતચીતથી નીતિ -
ઝૂલે દ્વિધામાં...
(અનિર્ણાયત્મક વલણ)

ચિંતન

માલા તો કર મેં ફિરે, જીભ ફીરે મુખ માંહી,
મનુવા તો ચૌદિસ ફિરે, ઐસો તો સુમરન નાહીં.

ઉપરોક્ત સાખી કહત કબીરમાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે તમારું અંતર સાફ ન હોય, મન હજારો વિચારોથી ભરેલું હોય તો એવા અંતરમાં રામ ક્યાંથી વસે? હાથમાં માળા ફરે, મુખમાં જીભ ફરે અને એ જ પ્રમાણે મન પણ દુનિયાભરનાં વિચારોમાં ભટક્યા કરે તો પ્રભુસ્મરણ કરવાનો કોઈ અર્થ નથી. એવા ભટકેલા મનથી હરિ સ્મરણ કરવાથી શો દહાડો વળવાનો ? માટે અંતર સાફ રાખી, વિચારોથી મુક્ત કરી શ્રીરામને યાદ કરો.

ભક્તિ-ઈશ્વર ચિંતન-મનનમાં માનવીએ સંપૂર્ણ સમર્પણ ભાવે ઈશ્વર પર સંપૂર્ણ વિશ્વાસ-ભરોસો મૂકી ભક્તિ કરવી જોઈએ.

માળા ફેરવતાં પણ આજની ખટપટો આને આમ કહી દઈશ તેને આમ કહીશના વિચારોથી મન ભટકતું રહે એ ભક્તિ નથી.

સુવિચાર

- ડરી ગયેલા માણસથી જ ભય ખડો થાય છે - **વાલ્મીકી**
- કાર્યો કરીને કાર્યો પૂરા કરે તે બુદ્ધિશાળી છે - **જીવનસૂત્ર**
- નિયતીની ચાલને ધન, ઈચ્છા, પરાક્રમને હુકમથી પાછી વાળી શકાતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- તકલીફ હંમેશા એને માટે ઉઘાડા રાખેલા બારણામાંથી પ્રવેશે છે - **એક કહેવત**
- તમારું દાન ઉપકાર બતાવીને નષ્ટ ન કરો - **કુરાન**
- આંતરિક વિખવાદ ધરાવતો દેશ સડેલા ફળની પેઠે આપમેળે નાશ પામે છે - **મહાભારત**
- આજનું ઔષધ : પ્રવાલ પિષ્ટી બે ગ્રામ, બ્રે ગ્રામ, એલચી પાઉડર સાથે નવશેકા દૂધમાંથી પેશાબ છૂટથી થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

એક સંત લાબી મશાલ લઈ દોડતા ક્યાંક જઈ રહ્યા હતાં, એક ભક્તે એમને પૂછ્યું, 'સંત, આવું કેમ કરો છો?'

સંતે કહ્યું, 'સ્વર્ગમાં આગ લગાડતા જઉં છું, લોકો ભગવાનને પ્રસન્ન કરવા નહિ પણ એશ-આરામથી લાલચથી સ્વર્ગમાં જયાંની ઈચ્છા રાખે છે, કર્તવ્યને ભૂલીને સ્વચ્છંદ આચરણ કરે છે.

રાજાના દરબારમાં એક વૃદ્ધ આવ્યો. એણે કહ્યું, 'રાજન, હું તમારો માસીનો દીકરો ભાઈ છું, એકવાર હું પણ તમારા જેવો હતો. મારે પણ ૩૨ નોકરો હતા, એક-એક કરીને બધા ચાલ્યા ગયા. બે મિત્ર હતા તે પણ ગયા. બે ભાઈ છે. પણ બહુ મુશ્કેલીથી કામ કરે છે. પત્નિ પણ ઉલ્ટા જવાબ આપે છે. મારી મુસીબતમાં આપ કંઈક મદદ કરે તો સારું.'

રાજાએ એનો આદર કર્યો અને રૂપિયાની થેલી આપી. દરબારીઓએ પૂછ્યું, 'આ ગરીબ ઘરડો માણસ આપનો મશિયાઈ ભાઈ કેવી રીતે ?' રાજા બોલ્યા, 'તેણે મને મારા કર્તવ્યોનું ભાન કરાવ્યું છે. એનાં મોં માં મારી જેમ ૩૨ દાંત હતા જે હવે અશક્ય થઈ ગયા છે. બુદ્ધિ તેની પત્ની હતી તે પણ વૃદ્ધ થવાની કાંઈકનો કાંઈક જવાબ આપે છે. મારી મા અમીરી છે તો આ વૃદ્ધની ગરીબી છે, આ બંને બહેનો છે તેથી અમે બંને મશિયાઈ ભાઈઓ છીએ. વૃદ્ધ બિલકુલ સાચા છે.'

આ વાત પરથી રાજાને સમજાયું કે તેણે બાકીનું જીવન સત્કાર્યોમાં એન પ્રજાજનોના કલ્યાણકાર્યોમાં લગાડવા સંકલ્પ કર્યો. સમજદારીએ કર્તવ્યોનું ભાન રાજાને કરાવી દીધું. રાજાએ વૃદ્ધનું સન્માન કરી વિદાય કર્યો.

સરહદો પર બધું બરાબર નથી ચાલતું

તંત્રીસ્થાનેથી...

અરુણાચલપ્રદેશ પર ચીનના વલણમાં લેશ માત્ર ફરક નથી પડ્યો. એણે ભારતીય સરહદમાં રસ્તાનું બાંધકામ આરંભ્યું છે એ હકીકત કોંગ્રેસ જેવા વિપક્ષ માટે હળવી મજાકનો વિષય હોઈ શકે પરંતુ દેશ માટે એ ગંભીર સમસ્યા ગણાવી જોઈએ. અરુણાચલ પ્રદેશમાં કેટલાંક સ્થળોનાં નામ પણ ચીને પોતાની ભાષા મુજબ બદલ્યા છે અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર તે કાશ્મીર અને અરુણાચલ - બેઉને ભારતના નકશામાં બાકાત રાખવાનું દુઃસાહસન કરતું રહ્યું છે. કોંગ્રેસે કટાક્ષમાં પ્રશ્નો કર્યો છે : અરુણાચલમાં રોડ બાંધવાનો ચીનને કોન્ટ્રાક્ટ આપ્યો છે કે શું ? આમાં વેધક વ્યંગ સમાયેલો છે, કારણ કે જે સરદાર પટેલને સુપર હીરો તરીકે આગળ કરી કોંગ્રેસની નહેરુવંશી નેતાગીરી વિરુદ્ધ ઝેર ઓકવાનું કામ ભારતીય જનતા પાર્ટીના સર્વોચ્ચ નેતા કરતા રહ્યા છે તેમની ગગનચુંબી પ્રતિમાના નિર્માણનો કોન્ટ્રાક્ટ ચીની કંપનીને અપાયેલ છે. આ બધા મુદ્દા પક્ષીય રાજકારણની હૂંસાતૂંસીના ન રહેતા દેશના સામાન્ય નાગરિકને પણ સ્પર્શે છે કારણ કે એને જે ભારતનો નકશો મગજમાં બેઠેકો છે એમાં અરુણાચલ પણ છે, ડોકલામ પણ છે અને કાશ્મીર બલકે આઝાદ કાશ્મીર પણ છે. ડૉકલામને ચીન પોતાના વિસ્તાર માને છે એટલે ત્યાં વારંવાર ઘુસણખોરી કરતું રહે છે. આઝાદ કાશ્મીર તરીકે ઓળખાતા વિશાળ પ્રદેશ પર વર્ષોથી પાકિસ્તાન શાસન કરે છે છતાં દરેક ભારતીયને મન એ કાશ્મીરનો ભાગ તરીકે ભારતનો જ હિસ્સો છે. કાશ્મીરના આતંકવાદીઓને પાકિસ્તાન પ્રોત્સાહન પૂરું પાડતું રહે છે બલકે એમને કાશ્મીરની જ પોલીસ તથા અર્ધલશ્કરી દળો અને સેના વિરુદ્ધ ઉશ્કેરી હુમલા કરાવે છે તે જગજાહેર છે. આવા ગેરમાર્ગે દોરાયેલા નવલોહિયા કાશ્મીરી યુવાનોને સમજાવટ પૂર્વક પાછઆ વાળવામાં મુફ્તી સરકાર અને કેન્દ્ર સરકાર બેઉને સરિયાળ નિષ્ફળતા સાંપડેલ છે. મહેબૂબા મુફ્તીની સરકારમાં ભાજપ અડધોઅડધ ભાગીદારી ધરાવતું હોવા છતાં તે પીડીપીના આતંકવાદીઓ પ્રત્યેના સાનુકૂળ અભિગમમાં ફેરફાર આણી શકેલ નથી. કાશ્મીરી યુવાનો સામેના ભારતીય સેનાના કડક વલણનો મહેબૂબા મુફ્તીથી લઈ ફારૂક અબ્દુલ્લા સુધીના બધા જ કાશ્મીરી નેતાઓ વિરોધ કરે છે. તેઓ કાશ્મીરી આતંકવાદીઓનો સફાયો થઈ રહ્યો છે, તે ઘટનાથી નારાજ છે. આવા લોકો શહીદનો દરજ્જો મળવો જોઈએ એવી માગણી પીડીપીના જ ધારાસભ્ય દ્વારા કરવામાં આવે છે. વળી ૩૭૦મી કલમ કે અનુચ્છેદ 'ઉપ એ' ને અડકી તો જુઓ - એવી ધમકી પણ તમારી કાશ્મીરી નેતાઓ દ્વારા વારંવાર આપવામાં આવતી રહી છે. આ બધું સવિશેષ નરેન્દ્ર મોદીના શાસનકાળમાં થયેલ હોઈ સ્વાભાવિક રીતે જ વિપક્ષો કેન્દ્રની કાશ્મીરીનીતિ સદંતર નિષ્ફળ ગઈ હોવાનો દાવો કરતા રહે છે. કાશ્મીરના યુવાનોને રોજગારીની વિશાળ તકો ઉપલબ્ધ કરાવવાના અને ખીણ પ્રદેશને મેઈન લેન્ડ સાથે જોડાવામાં કેન્દ્રના પ્રયાસોને પ્રજાકીય આવકાર કે સમર્થન નથી સાંપડી શક્યું. આટઆટલાં થાબડભાણાં છતાં કાશ્મીરી યુવાનો સરહદ પારના આતંકી શિબિરોમાં તૈયાર થાય છે અને સૈનિકોનાં થાણાં પર ફિદાયીન હુમલા કરી કાશ્મીરની ખીણને સળગતી રાખી રહ્યા છે. એમાં પાકિસ્તાન પણ હવે શેહશરમ વગર ખુલ્લો સહયોગ કરતું હોવાનું કબૂલે છે. જયાં સુધી આ કાશ્મીરનો પ્રશ્ન ઉકેલાશે નહીં ત્યાં સુધી કાશ્મીરીઓ 'શહીદી' વહોરતાં રહેશે. કેન્દ્ર પાસે આવા આતંકીઓને 'શહીદ'નો દરજ્જો અને વળતર માગતા પીડીપીના ધારાસભ્યના નિવેદન વિરુદ્ધ કેન્દ્રી મંત્રી નકવીએ આપેલ નિવેદન વિરુદ્ધ મંત્રી નકવીએ આપેલ નિવેદન એ સરકારનું અધિકૃત વલણ રજૂ કરે ચે. પરંતુ માત્ર એવી માગણી નકારવાથી સમસ્યા ઊકલી જતી નથી. એ માટે જરૂરી 'પોલિટિકલ ડાયલોગ' માટે મોદી સરકાર સજ્જ નથી તે ઘણું જ ખેલજનક છે. એ જ રીતે અરુણાચલ કે ડૉકલામ વિશેના ચીની અભિગમમાં પણ મોદી સરકાર કશો જ ફરક પાડી શકે એમ નથી. સરહદો સતત સળવળતી અને સળગતી રહેતી હોય ત્યારે નીરોની જેમ રોમ ભડકે બળતું હતું ત્યારે વાંસળી વગાડવા જેવું જ ગણાય.

મનુષ્ય સત્ય સમજે તો આચાર સમાન બને

મારી સ્વતંત્રતા અને સ્વાધીનતાને હું કિંમતી લેખતો હોવાથી બીજાઓને માટે પણ હું એટલી જ કિંમતી લેખું છું

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

દરેક વ્યક્તિ પોતાની રીતે અલગ હોય છે. રંગે-રૂપે-દેખાવે અને સ્વભાવે. મહાત્મા ગાંધી એવું કહેતા કે દરેક વ્યક્તિ આ દૃષ્ટિએ સમાન નથી. દરેક મનુષ્ય કદી એકસરખી રીતે વિચાર કરવાના નથી. પરંતુ જો મનુષ્ય માત્ર જુદી જુદી રીતે અને દરેક બાજુએથી સત્યના અંશને જુએ અને તેને મેળવવાનો પ્રયાસ કરે તો સમગ્ર સમાજ એક સમાન આચારનો પાલક હોય એવી સુખદ સ્થિતિ ઊભરી શકે.

ગાંધીને મન વ્યક્તિગત સ્વતંત્રતા સર્વોચ્ચ હતી. પોતાના વ્યક્તિગત વિચારમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય ટોચે હતું છતાં તેમણે અંતઃકરણનો અવાજ વ્યક્તિની પોતાના અંતઃકરણના અવાજને અનુસરવાની સ્વતંત્રતામાં જુલમ દાખલ થયા વગર રહેતો નથી એવી ભીતી પણ વ્યક્ત કરી છે. મહાત્માની આજ ખાસિયતે તેમને આપણા સહુના મહાત્મા બનાવ્યા છે એમ કહી શકાય.

મહાત્મા તો સ્પષ્ટ એમ પણ કહે છે કે પ્રજા જેટલી વાર ભૂલ કરે તે પ્રસંગે તે કબૂલ કરવાનું હું ચાલું રાખીશ. આ દુનિયામાં હું એક જ આપખુદ શાસકને માન્ય રાખું છું અને તે મારા 'અંતરનો અવાજ' છે અને મારે એકની જ લઘુમતીમાં રહેવાની પરિસ્થિતિ ઊભી થાય તો એવી સાવ નજીવી લઘુમતીમાં રહેવાની હિંમત પણ મારામાં છે, એમ હું નમ્રપણે માનું છું.

પોતાને માણસની મનુષ્યતાના જ દેખાય છે એવું કહેતા તેઓ કહે છે, હું સત્યપ્રિયતાથી કહી શકું છું કે માણસના દોષ જોવામાં હું ધીમો છું, કારણ હું દોષોથી ભર્યો છું. કોઈ પણ કાજીપણું ન કરવાનું અને કોઈની ત્રુટિઓ દેખાય ત્યાં પણ આકરા ન થતાં ઉદાર ભાવે જોવાનું હું શીખ્યો છું.

ગાંધીજીની સામે ઘણા રાજકીય - સામાજિક અગ્રણીઓને પનારો પડ્યો તેમાં કેટલાંક ગાંધીજીને જક્કી કહેતા ખુદ ગાંધી કહે છે, હું જક્કી સ્વભાવનો છું એવો ઘણી વાર મારા પર આરોપ મૂકવામાં આવે છે. મને કહેવામાં આવે છે કે, વધુમતીના નિર્ણયને હું માન્ય રાખતો નથી. હું આપખુદનો આરોપ હું કદી પણ સ્વીકારી શકતો નથી. ઊલટું, બિનમહત્ત્વની બાબતોમાં નમતું આપવાના મારા સ્વભાવ માટે હું ગર્વ લઉં છું. આપખુદીને હું ધિક્કારું છું. મારી સ્વતંત્રતા અને સ્વાધીનતાને હું કિંમતી લેખતો હોવાથી બીજાઓને માટે પણ હું એ એટલી જ કિંમતી લેખું છું. મારી વાત હું સમજાવી ન શકું તો, એક પણ સ્ત્રી કે પુરુષને મારે પક્ષે લેવાને હું ઈચ્છતો નથી. જૂનામાં જૂના ધર્મશાસ્ત્ર મારી બુદ્ધિને ખાતરી કરાવી ન શકે તો તેમની દિવ્યતાનો ઈન્કાર કરવાની હદ સુધી હું જાઉં છું. પરંતુ અનુભવે અમે માલૂમ પડ્યું છે કે, હું સમાજમાં રહેવાને ઈચ્છુ અને છતાં મારી સ્વતંત્રતા જાળવવા માંગુ તો મારે મારી સંપૂર્ણ સ્વતંત્રતા પ્રથમ પંક્તિની બાબતો પૂરતી જ સીમિત રહી. પોતાના ધર્મ અથવા નીતિના નિયમોમાંથી જયાં ચલિત થવાપણું ન હોય એવી બીજી બધી બાબતોમાં માણસે વધુમતીને નમતું આપવું ઘટે.

મોટામાં મોટી સંખ્યાનું વધારેમાં વધારે કલ્યાણ એ સિદ્ધાંતમાં હું નથી એવી પહેલી નજરે લોકશાહી વિરોધી વિચાર ગણાય એની વાત આવતા સપ્તાહે કરીશું.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

સ્વામી આનંદ તથા સાંઈ મકરંદની સ્મૃતિ સુગંધ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

૨૦૧૮ ના વર્ષનું મંડાણ થયું છે. ઉત્તર ભારતની તીવ્ર ઠંડીની આણ છેક ગુજરાત સુધી પ્રસરેલી દેખાય છે. ઉનાળામાં જેમને દૂરથી જોતાં પણ ગરમીનો અનુભવ થાય તેવા રજાઈ તથા ધાબળા અંતરના વાલેશ્રી જેવા લાગે તેવો આ સમય છે. ઠંડીના આ માહોલમાં અને જાન્યુઆરી માસના સંદર્ભમાં એક પુણ્યશ્લોક નામની સ્મતિ થાય છે. આ નામની સ્મૃતિ માત્રથી એક અનોખી ઉષ્માનો અનુભવ જાણે કે શરીર તથા મન બન્નેને થાય છે ! ઝાલાવાડમાં (સુરેન્દ્રનગર જિલ્લો) જન્મેલા સ્વામી આનંદને યાદ કરતાંજ તેમના અદ્દભૂત ગદ્ય લેખન માટે ભીતરથી અહોભાવ થાય છે. સહેજે નમન કરવાનું મન થાય એવું નામ. જાન્યુઆરીની ૨૫મી તારીખે (૧૯૭૬) મુંબઈથી તેમણે મોટું ગામતરું કર્યું. સ્વામીદાદા એક ભાતીગળ જીવતર જીવીને ચિરનિંદ્રામાં પોઢી ગયા. દાદાએ લખેલી અનેક વાતો તથા તેમના પત્રો જીવનમાં અંધકારની ક્ષણે પણ ઉજાસનો અનુભવ કરાવી શકે તેવા જીવંત છે. આપણાં આ ગાંધીના સમર્પિત સેવક સાધુને પુનઃ હૈયામાં ધરીને તેમની વાત કાન માંડીને સાંભળવા જેવી છે. આજે પણ હોંકારા ભણે તેવી તેમની વાતો છે. દેહ તો માટીમાં મળે પરંતુ સાદ કરીએ તો નરવો પ્રતિસાદ આપે તેવી સ્વામીદાદાએ લખેલી કથાઓ છે.

હાલો હૈયા જીરાણમેં
શેણાને કરીએ સાદ
મીટ્ટી સે મીટ્ટી મીલી
હોંકારા દીએ હાડ.

સ્વામી આનંદ એટલે પૂર્વાશ્રમના હિંમતલાલ દવે. સુરેન્દ્રનગર જિલ્લાના શિયાણી ગામમાં ૧૮૮૭ માં તેમનો જન્મ થયો હતો તેમ નોંધાયું છે. આપબળે તથા અનુભવની સૂઝે તેમનું નક્કર ઘડતર થયું હતું. બાળક હિંમતલાલને ઈશ્વરના દર્શન કરવાની લાલચ થઈ આવી. કાચી વયની આ બાળ સહજ વ્રત્તિ હતી. ઈતિહાસે નોંધેલા સમાન પ્રકારનાજ બીજા એક કિસ્સામાં ટંકારાના કિશોર મૂળશંકરને પણ સાચા શિવત્વના દર્શન કરવાની તાલાવેલી થઈ હતી. મૂળશંકર અનેક મથામણ પછી મહર્ષિ દયાનંદ બન્યા અને સમગ્ર જગતને શાસ્ત્રોનો સાચો સંદર્ભ સમજાવી અજ્ઞાન – અંધશ્રધ્ધામાંથી બહાર લાવવાના પ્રયાસો કર્યા. બંગાળની ધરતીમાં જન્મેલા કિશોર નરેન્દ્રને પણ ઈશ્વર દર્શનની કે તેવા દર્શન કર્યા હોય તેવા વીરલાને ભેટવાની ઈચ્છા થઈ. જગતને આ તાલાવેલીની મહામુલી સોગાદ તરીકે રામકૃષ્ણદેવ તથા વિવેકાનંદ મળ્યા. અહીં પણ બાળ હિંમતલાલ સાધુઓની જમાતમાં ભળીને અનેક સારી – નઠારી બાબતોથી જાત અનુભવે વાકેફ થયા. સ્વામીદાદાનું જીવન ઘડતર થતું ગયું. હિમાલયના દુર્ગમ પ્રદેશોમાં રઝળપાટ કરીને તેઓ સતત જીવન સમૃધ્ધ કરતા રહ્યા. સ્વામીદાદાના બહુરંગી વ્યક્તિત્વની અનેક ઘટનાઓ છે. આજીવન લેખનકાર્ય કરનાર આ પ્રજ્ઞાપુરુષ પ્રસિધ્ધિ તથા પ્રશંસા બન્નેથી કાળજીપૂર્વક દૂર રહ્યા.

સ્વામી આનંદ તથા સાંઈ મકરંદ (દવે) વચ્ચેનો પત્ર વ્યવહાર આપણી ભાષાના સાહિત્યની એક અમૂલ્ય ધરોહર છે. સદ્દભાગ્યે વિદુષી બહેન હિમાંશી શેલતના સુઆયોજિત સંપાદનથી આપણાં સુધી ઘણાં પત્રો પહોંચી શક્યા છે. મકરંદભાઈ તથા સ્વામીદાદાની વચ્ચે ઉંમરનો તફાવત નોંધપાત્ર છે. સાંઈ મકરંદ સ્વામીથી ઉંમરમાં ઘણાં નાના હતા. પરંતુ પ્રજ્ઞાવાન લોકોને ઉંમરનો બાધ ક્યાં નડે છે ? આથી સાંઈને સ્વામીની વાત સમજવી અઘરી પડતી નથી. સાંપ્રત કાળમાં પણ ભગત સાહેબ કે ધીરુબહેન પટેલની વાતો સાંભળવી દરેકને ગમે છે. તેમની ઉંમરનો કોઈ બાદ તેમના કથન કે કહેણી પર જોવા મળતો નથી. મકરંદભાઈનો આદર્શવાદ તેમજ એક યુવાન કવિનો સહજ તરવરાટ તેમના સ્વામીદાદા સાથેના પત્રોમાં જોવા મળે. જ્યારે સામે છેડે સ્વામી આનંદે જીવનના અનેક વિષમ ચઢાવ – ઉતાર જોયા તથા અનુભવ્યા હોવાથી તેમનો ઊંડો અનુભવ અને આત્મસૂઝ તેમના પત્રોમાં છલોછલ જોવા મળે. મળે. લગભગ ૧૯૫૫ થી ૧૯૭૫ સુધીનો આ પત્રપ્રવાહ છે. આ બન્ને મહાનુભાવોનું એક પ્રકારનું દિવ્ય જોડાણ સંતો – સાધુઓ સાથેનું છે. પરંતુ એ સાથેજ લોકેષણા માટે જેઓ આધ્યાત્મિકતાનો અંચળો ઓઢી વાતો કરે છે તેવા કહેવાતા 'સાધુજનો' ના આ બન્ને મહાનુભાવો આકરા ટીકાકાર છે. આપણે આજના સંદર્ભમાં આ વાત ફરી સાંભળવા તથા સમજવા જેવી છે. મકરંદભાઈ સ્વામીદાદાને લખે છે :

''..કાળાબજારિયા અને લાંચિયા લોકોને સામાજિક પ્રતિષ્ઠા આપતા લેભાગુઓને હું સંત ગણવા તો તૈયાર નથીજ પણ ધૂર્તો માનું છું. આપણી આધ્યાત્મિકતાને નાસ્તિકોનો જરાયે ડર નથી. પરંતુ આવા મોટા દાવા કરનારા તથા ચારિત્ર્યશુધ્ધિ વિનાના મહંતો જ સાચા ધર્મને મારી નાખશે. ''

જે વાતની – વિષયની ઉપરના ફકરામાં ચર્ચા થઈ છે તે આજના સંદર્ભમાં પણ કેટલી મહત્વની તથા ધ્યાનાકર્ષક છે ! જેમના જીવનમાં પવિત્રતા નથી અને કરણીમાં ચારિત્ર્યબળ નથી તેવા કહેવાતા ધર્મના ઠેકેદારો થકીજ ધર્મ વિષે યુવા માનસ પર અનિચ્છનિય છાપ પડે છે. આપણાં લોકોએ પણ નિર-ક્ષિરની તારવણી કરીને માથું નમાવવાનું શીખવું પડશે. આજના સમયનો આ તકાજો છે.

સ્વામી આનંદ કાંત દ્રષ્ટા હતા. ગાંધીજીની વાત પચાવીને તેમણે પોતાના જીવન વ્યવહારમાં ઉતારી હતી. આજે અનેક અહેવાલો છપાતા રહે છે તેમાં આર્થિક અસમાનતાનું ચિંતા ઉપજાવે તેવું ચિત્ર રજૂ થાય છે. આર્થિક અસમાનતાને કારણે 'ફાવી ગયેલા' અને 'રહી ગયેલા' વચ્ચેની તીરાડ વધતી જાય છે. આ સંદર્ભમાં સ્વામીદાદાએ એક મોટા માણસને નર્યું સત્ય સંભાળવેલું જે આજે પણ પ્રસ્તુત છે. સ્વામીદાદા કહે છે :

''The privileged classes alone in India have succeeded in extending their privileges and opprotunities ''

આજના સંદર્ભમાં પણ સ્વામીદાદાના આ નિદાનમાં વાસ્તવિકતાનું બળ હોય તેમ લાગ્યા સિવાય રહેતું નથી. આ બન્ને પ્રજ્ઞાપુરુષોનો પત્ર વ્યવહાર અપૂર્વ સૌંદર્યયુક્ત તો છેજ પરંતુ જીવનમાં કસોટીની પળે માર્ગદર્શક બને તેવો પણ છે. બન્ને હરિના દાસ હતા અને અનાથોના નાથમાં શ્રધ્ધા ધરાવીને ફકીરની મસ્તીથી જીવન જીવનારા હતા.

બીતત સો ચિંતત નહિ
આગે કરે નહિ આસ
આઇ સો સિર પર ધરી
જાન હરિ કા દાસ.

સાહિત્યસભામાં આજે લોકસાહિત્યના કલાકાર

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા લોક સાહિત્યના કલાકારની કલાની પ્રસ્તુતિનો કાર્યક્રમ

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી દર માસે નિયમિત યોજેલી બેઠક, આ માસે શનિવારને તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ વાગે, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય, સે. ૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.

આ સભામાં રાધનપુર વઢિયાર પ્રદેશના લોક ગાયક આલાભાઈ બારોટ દ્વારા લોકજીવનની પોતાની કલાને પ્રસ્તુત કરવામાં આવશે. વાંજિત્રો સાથે ગાયન કરી, ગ્રામ્ય વિસ્તારમાં આજીવિકા રળતા આ લોકજીવનના તૂરી બારોટ કલાકારની વાતો અજાણી વાતોને સાહિત્ય, સભાના પદાધિકારીઓ દ્વારા ઉજાગર કરવામાં આવશે. સાહિત્યસભાના સભ્યો અને સાહિત્ય-કલાના સૌરસિકોને આ કાર્યક્રમ માણવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● સમર્પણ કૉલેજના અધ્યાપક અને કવિ દીપક પંડ્યા રચિત અરવિંદ દર્શન પ્રભાવિત અછાંદસ કવિતા સંગ્રહ 'અભીપ્સા'નો અર્પણ કાર્યક્રમ તા. ૧૩-૧-૨૦૧૮ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ વાગે, અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે, જાણીતા શિક્ષણવિદ કેન્દ્ર, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે, જાણીતા શિક્ષણવિદ્ જયોતિબેન થાનકી તથા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ થતા જાણીતા સાહિત્યકાર રાજેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે.

● ગુજરાત લીટરેચર ફેસ્ટિવલમાં સર્જન વોટ્સએપ ગ્રુપમાં ૩૫ લેખકોની ૧૦૨ માઈક્રોફિકશન વાર્તાઓના સંગ્રહ 'માઈક્રોસર્જન'નું વિમોચન સાહિત્યકાર મધુરાય, કટાર લેખક કૃષ્ણકાન્ત ઉનડકટ, નીલમ દોશી અને બકુલ બુચ દ્વારા કરવામાં આવ્યું. આ સંગ્રહનું સંપાદન જિજ્ઞેશ અધ્યારુ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ૩૫ લેખકોની વાર્તાઓ છે.

● શ્રી મહાકાલ કોમ્પ્યુનિકેશન અને આનર્ત સાહિત્ય સભા દ્વારા તા. ૭-૧-૨૦૧૮ના રોજ કવિ જશુભાઈ પટેલ 'જશ'ના કાવ્યસંગ્રહ 'વ્હાલનો વરસાદ'નું વિમોચન માણેકબા પીટીસી કૉલેજ, અડાલજ ખાતે જાણીતા નવલકથાકાર અને વાર્તાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદી, ડિવાઈન પ્રકાશનના અમૃતભાઈ ચૌધરી, સુરેખાબેન ચૌધરી, નવલકથાકાર પ્રવીણ જોશી, સ્થાનિક આગેવાન લાલભાઈ પટેલ અને હિમાંશુ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

ત્યારબાદ આનર્તના કવિઓનું સંમેલન યોજાયું હતું, જેમાં હર્ષદ સોલંકી, બાબુલાલ ચાવડા, 'આતુર', વિપુલ પટેલ, દીપક મકવાણા, કૌશલ સુથાર, જશુભાઈ પટેલ, રાહુલ તુરીએ કાવ્યપઠન કર્યું હતું. સુચીથી કવિ પ્રશાંત સોમાણી, વિપુલ માંગરોળિયાએ પણ કવિતાઓ રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાકાલ કોમ્પ્યુકેશનના પ્રમુખ અને કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા કરવામાં આવ્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત પ્રેસ અકાદમી અને ભારતીય વિદ્યાભવન અમદાવાદ દ્વારા આયોજિત વકતવ્ય શ્રેણી 'અસ્મિતા' ના બીજા તબક્કામાં, ગુજરાતી વિરલ વ્યક્તિત્વ કનૈયાલાલ મુનશીના બહુઆયામી વ્યક્તિત્વને આવરી લેતો કાર્યક્રમ ગાંધીનગર સાહિત્યસભા અને પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના સંયુક્ત યજમાન પદે તા. ૬-૧-૧૮ના રોજ યોજાઈ ગયો. આ કાર્યક્રમની શરુઆતમાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદી, પી.કે. ચૌધરી મહિલા કૉલેજના ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરી, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ડૉ. કેશુભાઈ દેસાઈએ વકતવ્યો આપ્યા હતા.

નવલકથાકાર અને ગાંધીનગર સાહિતય સભાના મંત્રી કલ્પેશ પટેલે ક.મા. મુનશી 'ઘનશ્યામ' ની નવલકથાઓ વિષે અભ્યાસપૂર્ણ માહિતી રજૂ કરી કૉલેજની વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત આપતું વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સંકલન અને વ્યવસ્થા પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજના વ્યાખ્યાતા ડૉ. લીબાન રાણાએ કર્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું જીવંત સંચાલન અને શ્રેણી સંકલન, ભવન્સ, કલ્ચરલ અકાદમીના નિયામક જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

● સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર અને ઈમેજ પબ્લિકેશન મુંબઈ દ્વારા પ્રસ્તુત 'ત્રિવેદી-સંગમ' ઉત્સવ તા. ૮-૧-૨૦૧૮ના રોડ ટાઉન હોલ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં વિવિધ વ્યક્તિઓ દ્વારા દેશ પરદેશના ૪૫ નગરના તસીર અને તસ્વીરને આવરતું પુસ્તક 'મારું શહેર'નું વિમોચન કરવામાં આવ્યું. પ્રસિદ્ધ સાહિત્યકાર - હાસ્યલેખક રતિલાલ બોરીસાગરે આ પુસ્તક સંદર્ભે ઉદ્બોધન કર્યું હતું જયારે ખ્યાતનામ ગઝલકાર જનાબ ખલીલ ધનતેજવી દ્વારા કાવ્ય પઠન કરવામાં આવ્યું હતું.

● જાણીતા કવિ-વાર્તાકાર અને ગાંધીનગર સાહિત્યસભાના આજીવન સભ્ય ઉજમશી પરમારે તા. ૮-૧-૨૦૧૮ ના રોજ ટૂંકી બિમારી બાદ પોતાની જીવનલીલા સંકેલી લીધી. તેમણે ગાંધીનગર સમાચારના પ્રારંભિક તબક્કામાં વાર્તાઓ થતી યોગદાન આપ્યું હતું. ૭૪ વર્ષના આ સાહિત્યસર્જકે ચાર વાર્તાસંગ્રહો આપ્યા હતા. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિમાં પણ ચૂંટાયા હતા. ગાંધીનગર સાહિત્યસભાને તેમની સદાય ખોટ સાલશે. સ્વર્ગસ્થ પુણ્યાત્માને ભાવભીનાં શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com